સુરતમાં ખેડૂતોની હાજરીમાં જ ખુલાસો પૂછવામાં આવ્યો

‘લેસર લેન્ડ લેવલર’ ગોટાળામાં ડીલરોને નોટિસ ફટકારવામાં આવી

સુરતઃ સુરત જિલ્લામાં ખેતીવાડી સાધન સહાય યોજના હેઠળ ‘લેસર લેન્ડ લેવલર’ ખરીદીમાં ગોટાળાના આક્ષેપો સામે આવ્યા બાદ હવે મામલે નવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા સંબંધિત ડીલરોને નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે અને ખેડૂતોની હાજરીમાં આપવામાં આવેલા તમામ સાધનોની ચકાસણી કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

ફરિયાદો સામે આવતા ખેતીવાડી વિભાગે જણાવ્યું છે કે ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં સબસિડી હેઠળ આપવામાં આવેલા તમામ ‘લેસર લેન્ડ લેવલર’ સાધનોની સ્થળ પર જઈ તપાસ કરવામાં આવશે. આ તપાસ લાભાર્થી ખેડૂતોની હાજરીમાં કરવામાં આવશે, જેથી સાધનનું મોડલ, ટેકનિકલ સ્પેસિફિકેશન અને ગુણવત્તાની ખાતરી થઈ શકે. આ સમગ્ર મામલે ડીલરો દ્વારા સરકાર માન્ય મોડલના બદલે અન્ય મોડલના સાધનો આપવામાં આવ્યા હોવાના આક્ષેપોને પગલે જિલ્લા ખેતીવાડી વિભાગે સંબંધિત ડીલરોને સત્તાવાર નોટિસ પાઠવી છે. નોટિસમાં સાધનના મોડલ, સપ્લાય પ્રક્રિયા અને બિલિંગ અંગે વિગતવાર સ્પષ્ટતા માંગવામાં આવી છે. ફરિયાદ મુજબ કેટલાક ખેડૂતોને સરકાર માન્ય મોડલના બદલે સસ્તા અને અમાન્ય મોડલના સાધનો આપવામાં આવ્યા હોવાના આક્ષેપ છે, તપાસ દરમિયાન જો આ બાબત સાચી સાબિત થશે તો ખેડૂતોને યોગ્ય મોડલના સાધન આપવાની અને નુકસાનની ભરપાઈ કરવાની પણ માંગ ઉઠી રહી છે.

મુદ્દો માત્ર સાધનોનો નહીં, સબસિડીના દુરુપયોગનો પણ

મામલો માત્ર ખોટા મોડલના સાધનો આપવાનો નથી, પરંતુ સરકારની સબસિડીના સંભવિત દુરુપયોગનો પણ છે. સબસિડી મેળવવામાં ગેરરીતિ થઈ હોવાનું બહાર આવશે તો સરકાર સાથે છેતરપિંડી થયાની સ્થિતિ ઊભી થઈ શકે છે. આવી સ્થિતિમાં સંબંધિત લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સરકાર સાથે છેતરપિંડી સામે કાર્યવાહી શું?

મામલામાં સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થયો છે કે જો સબસિડી મેળવવા ખોટી માહિતી અથવા અમાન્ય સાધનોનો ઉપયોગ થયો હોય તો સરકાર સાથે થયેલી છેતરપિંડી સામે શું કાર્યવાહી કરવામાં આવશે. હાલ વિભાગ દ્વારા પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે, પરંતુ ખેડૂતો અને ખેડૂત આગેવાનો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે ગોટાળો સાબિત થાય તો જવાબદાર અધિકારીઓ અને ડીલરો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

JEE મેઇન સેશન-૨ માટે વધુ બે દિવસ તક

સુરતઃ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા એપ્રિલ મહિનામાં યોજાનારી જેઈઈ મેઈન સેશન-૨ પરીક્ષાને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને વધુ એક તક આપવામાં આવી છે. અગાઉ કોઈ કારણસર નોંધણી ન કરી શકનાર ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન વિન્ડો ફરીથી ખોલવામાં આવી છે.

આ વધારાની તક હેઠળ ઉમેદવારો ૧૩ માર્ચ, ૨૦૨૬ સુધી ઓનલાઇન અરજી કરી શકશે. એજન્સી મુજબ ઓનલાઇન અરજી ફોર્મ ભરવાની સમયમર્યાદા રાત્રે ૯ વાગ્યા સુધી રહેશે, જ્યારે પરીક્ષાની ફી રાત્રે ૧૧:૫૦ વાગ્યા સુધી ભરી શકાશે. આ વિન્ડો માત્ર બે દિવસ માટે જ ખુલ્લી રાખવામાં આવી છે, જેથી અગાઉ નોંધણી ચૂકી ગયેલા વિદ્યાર્થીઓને અંતિમ તક મળી શકે. એજન્સીએ ઉમેદવારોને ખાસ સૂચના આપી છે કે અરજી ફોર્મ ભરતી વખતે તમામ માહિતી સારી રીતે ચકાસીને જ સબમિટ કરવી. કારણ કે આ વધારાની સમયમર્યાદા દરમિયાન કરવામાં આવેલી અરજી બાદ કોઈ કરેક્શન વિન્ડો ઉપલબ્ધ રહેશે નહીં.

નીટ યુજી માટે કરેક્શન વિન્ડો શરૂ

બીજી તરફ, એજન્સી દ્વારા ૩ મેના રોજ યોજાનારી નીટ યુજી (NEET-UG) પરીક્ષા માટે કરેક્શન વિન્ડો શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ ૧૪ માર્ચ રાત્રે ૧૧:૫૦ વાગ્યા સુધી પોતાની અરજીમાં જરૂરી ફેરફાર કરી શકશે. આ દરમિયાન ઉમેદવારો માતા અથવા પિતાના નામમાં સુધારો, શૈક્ષણિક વિગતો, કેટેગરી, સહી (સિગ્નેચર), પરીક્ષા કેન્દ્રનું શહેર અને પરીક્ષાનું માધ્યમ જેવી વિગતોમાં સુધારો કરી શકશે.

ઓછા વિદ્યાર્થી નોંધાતા VNSGUએ કેન્દ્રો મર્જ કરવા પડ્યા

૧૬ માર્ચથી એક્સ્ટર્નલ પરીક્ષાઓનો પ્રારંભ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં (VNSGU) આવતી ૧૬ માર્ચથી એક્સ્ટર્નલ અભ્યાસક્રમોની પરીક્ષાઓનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ વર્ષે નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હોવાથી યુનિવર્સિટીએ પરીક્ષા કેન્દ્રો મર્જ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. પરિણામે આ વર્ષે પરીક્ષાઓ યુનિવર્સિટી સંલગ્ન કુલ ૧૧ કેન્દ્રો પર યોજાશે. યુનિવર્સિટીના બીએ, બીકોમ, એમએ અને એમકોમના પ્રથમ વર્ષના સેમેસ્ટર અભ્યાસક્રમોમાં કુલ ૧૯૯૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. આ વર્ષે એક્સ્ટર્નલ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી નોંધાતા યુનિવર્સિટીએ પરીક્ષા કેન્દ્રોની સંખ્યા ઘટાડીને મર્જ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ કરતા ઓછા કેન્દ્રો રાખીને હવે કુલ ૧૧ કેન્દ્રો પર જ પરીક્ષા યોજાશે.

યુજી અભ્યાસક્રમ બંધ કરવાનો નિર્ણય પાછો ખેંચાયો

ગત ડિસેમ્બર મહિનાથી યુનિવર્સિટીએ પોસ્ટ ગ્રેજ્યુએટ (PG) એક્સટર્નલ અભ્યાસક્રમો માટે પરીક્ષા ફોર્મ ભરાવવાની પ્રક્રિયા શરૂ કરી હતી. તે સમયે અન્ડર ગ્રેજ્યુએટ (UG) એક્સટર્નલ અભ્યાસક્રમો બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે બાદમાં યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા આ નિર્ણય પર ફરી વિચારણા કરીને યુજીના અભ્યાસક્રમો ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરિણામે જાન્યુઆરી મહિનામાં યુજી એક્સ્ટર્નલ કાર્યક્રમો માટે પણ પરીક્ષા ફોર્મ ભરાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

ગ્રામ્ય શાળાઓ માટે ‘ડિજિટલ ક્લાસરૂમ ઓન વ્હીલ્સ’ પહેલ

જિલ્લા પંચાયત અને ટોયોટાની ભાગીદારીથી ઇ-બસ મારફતે ગ્રામ્યની શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષણ

સુરતઃ સુરત જિલ્લા પંચાયત દ્વારા એક મહત્ત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. સુરત જિલ્લા પંચાયત અને વિશ્વવિખ્યાત ઓટોમોબાઈલ કંપની ટોયોટા કિર્લોસ્કર મોટર વચ્ચે ભાગીદારી કરી ‘ડિજિટલ ક્લાસરૂમ ઓન વ્હીલ્સ’ પ્રોજેક્ટ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ માટે બંને સંસ્થાઓ વચ્ચે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો છે. આ કરાર 11 માર્ચ 2026ના રોજ યોજાયેલી જિલ્લા કારોબારી સમિતિની બેઠક દરમિયાન કરવામાં આવ્યો હતો. આ પહેલનો મુખ્ય હેતુ સુરત જિલ્લાના ગ્રામ્ય સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં કમ્પ્યુટર શિક્ષણ અને ડિજિટલ સાક્ષરતાને પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત આગામી શૈક્ષણિક સત્રથી “મોબાઈલ કમ્પ્યુટર એજ્યુકેશન પ્રોગ્રામ” અમલમાં મુકવામાં આવશે. ખાસ ડિઝાઈન કરાયેલા ઈલેક્ટ્રિક વાહન બસ (E-Bus) મારફતે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષણ પહોંચાડવામાં આવશે. આ મોબાઈલ બસ એક શાળાથી બીજી શાળામાં જઈને શાળા પરિસરમાં જ વિદ્યાર્થીઓને પ્રાયોગિક કમ્પ્યુટર તાલીમ આપશે. આ ઈ-બસ સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ ચાલતું ડિજિટલ વર્ગખંડ તરીકે કાર્ય કરશે. તેમાં આધુનિક કમ્પ્યુટર સિસ્ટમો, ઈન્ટરનેટ કનેક્ટિવિટી, પાવર બેકઅપ અને એર કન્ડિશનિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. આ મોબાઈલ એકમમાં સંપૂર્ણ મોબાઈલ કમ્પ્યુટર લેબોરેટરી તૈયાર કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓને ટેક્નોલોજીનો પ્રાયોગિક અનુભવ મળી શકે. પ્રોજેક્ટના અમલીકરણ માટે રાષ્ટ્રીય સ્તરની એક એનજીઓનો સહયોગ પણ લેવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલે જણાવ્યું હતું કે આજના સમયમાં બાળકોને નાની ઉંમરથી જ કમ્પ્યુટર અને ટેક્નોલોજી સાથે પરિચિત કરવું અત્યંત જરૂરી છે. ટેક્નોલોજી આધારિત વિશ્વમાં ભવિષ્યના રોજગાર અવસરો પણ ડિજિટલ કૌશલ્યો પર આધારિત રહેશે.

એક વર્ષમાં આશરે 50 શાળાના વિદ્યાર્થીઓને મળશે ડિજિટલ તાલીમ

કાર્યક્રમ હેઠળ મોબાઇલ ડિજિટલ વર્ગખંડમાં એક સમયે અંદાજે 25 વિદ્યાર્થીને તાલીમ આપવામાં આવશે. દર ત્રણ મહિનામાં આશરે 10થી 15 સરકારી શાળાને આવરી લેવામાં આવશે, જ્યારે એક વર્ષમાં લગભગ 50 શાળા સુધી આ પહેલ પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

અમદાવાદ સહિત મહાનગરોમાં બનશે નમો સ્વદેશી અર્બન મોલ

‘વોકલ ફોર લોકલ’ અભિયાનને મળશે વેગ

ગાંધીનગર : દેશમાં સ્વદેશી ચીજવસ્તુઓના પ્રોત્સાહન અને સ્થાનિક ઉત્પાદકોને મજબૂત બજાર ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. ગુજરાત શહેરી આજીવિકા મિશન અંતર્ગત રાજ્યની ચાર મહાનગરપાલિકાઓ - અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ‘નમો સ્વદેશી અર્બન મોલ’ સ્થાપવામાં આવશે. આ મોલ દ્વારા સ્થાનિક કારીગરો, મહિલા સ્વસહાય જૂથો, શેરી ફેરીયાઓ અને નાના ઉદ્યોગકારોને તેમના સ્વદેશી ઉત્પાદનોના વેચાણ માટે કાયમી અને આધુનિક પ્લેટફોર્મ ઉપલબ્ધ થશે. પીએમ નરેન્દ્ર મોદીએ ‘મેક ઈન ઈન્ડિયા’, ‘આત્મનિર્ભર ભારત’ અને ‘હર ઘર સ્વદેશી’ જેવા અભિયાનો દ્વારા દેશના નાગરિકોને સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવા પ્રેરિત કર્યા છે. આ અભિયાનને આગળ વધારતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પહેલો અમલમાં મૂકી રહી છે. આ પ્રયાસોના ભાગરૂપે હવે શહેરી વિસ્તારોમાં સ્વદેશી ઉત્પાદનોના વેચાણ માટે કાયમી બજાર વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકવામાં આવનાર આ યોજના અંતર્ગત ‘નમો સ્વદેશી અર્બન મોલ’માં સ્વદેશી ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ સુવ્યવસ્થિત રીતે થઈ શકે તેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. પરિણામે શહેરીજનોને એક જ સ્થળે વિવિધ સ્થાનિક ઉત્પાદનો સરળતાથી મળશે.

રસોડાના ભાગનું શાસ્ત્રોક્ત વિધિ મુજબ શુદ્ધીકરણ કરાયું

ગિરનારના અંબાજી મંદિરના ભંડારામાં દારૂ-નોનવેજની પાર્ટી

પૂજારી સહિત 11 કર્મચારી સસ્પેન્ડ, નવા બે પૂજારીની નિમણૂક

મહેફિલનો વિડીયો વાયરલ થતા ખળભળાટ

ગાંધીનગર : જૂનાગઢના ગિરનાર પર્વત પર સ્થિત અંબાજી મંદિરના રસોડાના ભંડારામાં દારૂ અને નોનવેજ પાર્ટી થતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી જવા પામી છે. ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમાન આ સ્થળે થયેલી ઘટનાથી ભક્તોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આ ઘટનાની ગંભીરતાને જોતાં સત્તાવાળાઓએ તાત્કાલિક પૂજારી સહિત 11 કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં છે. આ અંગે મળતી માહિતી મુજબ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા કથિત વીડિયોમાં બેથી ત્રણ વ્યક્તિઓ ગાળાગાળી કરતા, દારૂ પીતા અને માંસાહાર કરતા જોવા મળે છે. આ વિડીયો તંત્રના ધ્યાન પર આવતા જ તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં તથ્યો સામે આવતા મંદિરની ગરિમા કલંકિત કરવા બદલ પૂજાકી સહિત 11 કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરી, વહીવટી તંત્ર દ્વારા કિશોરસિંહ ચૌહાણ, તુષારગીરી ગૌસ્વામી, પ્રિન્સ ઠાકર, ગૌસ્વામી ભરતગીરી ધનગીરી, ભાર્ગવ ચૌહાણ, શૈલેશગીરી ગૌસ્વામી, ધવલગીરી ગૌસ્વામી, કાંતિગીરી અપારનાથી, દેવગીરી ગૌસ્વામી, વિજયભાઈ ત્રિવેદી અને સમીયા રામ (રસોઈયા) ને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઘટના બાદ મામલતદારની સીધી દેખરેખ હેઠળ મંદિર પરિસર અને ખાસ કરીને ભંડારાના રસોડાના ભાગનું શાસ્ત્રોક્ત વિધિ મુજબ ‘શુદ્ધિકરણ’ પણ કરવામાં આવ્યું હતું. મળતી મહિતી મુજબ ગિરનાર પર્વત પર ગેરકાયદે પ્રવૃત્તિઓ અંગે અગાઉ પણ ફરિયાદો મળી હતી. વાયરલ વીડિયો પુરાવા રૂપે સામે આવતા જ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ લોકોની નિમણૂક મામલતદાર હેઠળ હંગામી ધોરણે કરવામાં આવી હતી, જેને હવે દૂર કરી દેવાયા છે અને વધુ તપાસમાં જે પણ કસૂરવાર સાબિત થશે તેમના સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મંદિરના મહંત બ્રહ્મલીન થયા બાદથી મંદિરનું વહીવટ રાજ્ય સરકારના હસ્તક છે.

અનુસંધાન... પાના પહેલાનું

હોર્મુઝ બંધ જ...

વૈશ્વિક ઉર્જા પુરવઠો, આંતરરાષ્ટ્રીય પ્રવાસ અને ખાડી આરબ દેશોની સલામતીને ખોરવી નાખી છે, અને જેના કારણે ઈરાનના નેતૃત્વ, સૈન્ય અને બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. યુદ્ધની શરૂઆતથી જ ખામેનેઈ જાહેરમાં જોવા મળ્યા નથી. જ્યારે અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓ ઈરાન પર સતત ચાલુ છે અને યુદ્ધના અંતના કોઈ સંકેતો દેખાતા નથી.

મોહતબા ખરેખર છે...

માર્યા ગયા છે. મોજતબા ખામેની પોતે ટીવી પર દેખાયા ન હતા, પરંતુ તેમના વતી એક લેખિત નિવેદન સમાચાર એન્કર દ્વારા વાંચવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેહરાનની જે હોસ્પિટલમાં મોજતબાની સારવાર ચાલી રહી છે, તેના એક આખા વિભાગને સીલ કરી દેવામાં આવ્યો છે. ચારેતરફ સુરક્ષા જવાનોનો કડક પહેરો છે. મોજતબા જાહેર જનતાની સામે ન આવતા એવી અટકળો તેજ બની છે કે તેમની તબિયત અત્યંત નાજુક છે અથવા હુમલામાં તેમને કાયમી ખોડખાંપણ આવી છે.

અખાતી દેશો પર...

ઈરાની હુમલાને કારણે બહેરીનના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જ્યાં આવેલું છે તે મુહર્રક ટાપુ પર ભીષણ આગ લાગી હતી. કુવૈત સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે ઈરાની ડ્રોન એક રહેણાંક મકાન સાથે અથડાયું હતું, જેમાં બે લોકો ઘાયલ થયા હતા. આ ઉપરાંત, કુવૈત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર થયેલા ડ્રોન હુમલામાં નુકસાન થયું છે, પરંતુ કોઈ જાનહાનિના સમાચાર નથી.

ઈરાન શાંતિ માટે...

અને પાકિસ્તાનના નેતાઓ સાથેની વાતચીત બાદ ત્રણ કડક શરતો રજૂ કરી છે. રાષ્ટ્રપતિ પેજેશ્કિયાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર જણાવ્યું હતું કે જો વિશ્વ આ સંઘર્ષનો અંત ઈચ્છતું હોય, તો નીચે મુજબની શરતો પૂરી કરવી પડશે:

બે ઓઇલ ટેન્કર...

ભીષણ યુદ્ધના 13મા દિવસે, ઈરાનના સતત હુમલાઓએ બ્રેન્ટ ક્રૂડના ભાવને ફરી એકવાર પ્રતિ બેરલ 100 ડોલરની ઉપર પહોંચાડી દીધા છે, જે થોડા દિવસો પહેલા તો 120 ડોલરની નજીક પહોંચી ગયા હતા. ગલ્ફમાં કોમર્શિયલ અને લશ્કરી જહાજોને આક્રમક રીતે નિશાન બનાવીને ઈરાન તેલના ભાવને રેકોર્ડ સ્તરે લઈ જવાની તેની ધમકી પર મક્કમ હોય તેવું લાગે છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના પ્રવક્તાએ ગઈકાલે રાત્રે ચેતવણી આપી હતી કે ગલ્ફમાં દેખાતા યુએસ, ઈઝરાયેલ અથવા તેના સાથી દેશો સાથે જોડાયેલા કોઈપણ જહાજને નિશાન બનાવવામાં આવશે. તેમણે દેખીતી રીતે અમેરિકાને સંબોધતા ઉમેર્યુંઃ ‘તમે કૃત્રિમ રીતે તેલની કિંમત ઘટાડી શકશો નહીં. તેલની કિંમત પ્રતિ બેરલ 200 ડોલર થવાની અપેક્ષા રાખજો. બુધવારે મોડી રાત્રે ઇરાકે ઇરાકી બંદર શહેર બસરા પાસે ગલ્ફમાં જે જહાજોને નિશાન બનાવ્યા હતા તે અમેરિકાની માલિકીનું ‘સેફ સી વિષ્ણુ’ અને માલ્ટાના ધ્વજવાળું ‘ઝેફિરોસ’ હતા, જેણે ઇરાકમાં ઈંધણનો જથ્થો લોડ કર્યો હતો. ઈરાની હુમલામાં ક્રૂ મેમ્બરનું મોત થયું હતું, જો કે હાલમાં એ જાણી શકાયું નથી કે મૃતક વ્યક્તિ કયા જહાજ પર કામ કરતી હતી.

ઈરાની આત્મઘાતી...

હુમલો કરવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ હુમલામાં એક ભારતીય નાગરિક, જેનું નામ અત્યારે ગુપ્ત રાખવામાં આવ્યું છે, તેનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ઓઇલ જહાજ પર સવાર અન્ય 27 ક્રૂ મેમ્બરો અને કર્મચારીઓને બચાવી લેવામાં આવ્યા છે અને તેમને બસરા લઈ જવામાં આવ્યા છે. સેફસી કંપનીના નજીકનાં સૂત્રોએ નામ ન છાપવાની શરતે જણાવ્યું હતું કે, હુમલામાં ભારતીય નાગરિકના મોતના સમાચારથી કંપની અત્યંત દુઃખી છે. સૂત્રોએ ભારત સરકારને આ હુમલાની સખત શબ્દોમાં નિંદા કરવા અને પશ્ચિમ એશિયાના વધતા સંઘર્ષ વચ્ચે આ પ્રદેશમાં જહાજો પરના ક્રૂ મેમ્બરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવા અપીલ કરી છે. સૂત્રોએ ચિંતા વ્યક્ત કરી હતી કે, વિશ્વભરમાં દરિયાઈ જહાજો પર કામ કરતા લોકોમાં ભારતીયોનો હિસ્સો 15 ટકાથી વધુ છે, તેથી ઈરાન ભલે ગમે તે જહાજને નિશાન બનાવે, ભારતીય નાગરિકો તેમાં કોલેટરલ ડેમેજ (આનુષંગિક નુકસાન)નો ભોગ બનશે.

ઈંધણની અછતની...

આ સમય અફવાઓ ફેલાવવાનો નથી.

ઉત્તરાખંડ સરકારે હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને પ્રાથમિકતાના ધોરણે કોમર્શિયલ ગેસ સિલિન્ડર પૂરા પાડવાનો નિર્ણય લીધો છે અને જરૂર પડ્યે વ્યાપારિક ઉપયોગ માટે લાકડા પૂરા પાડવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ખાણીપીણીની દુકાનો અને ક્વિક-સર્વિસ રેસ્ટોરન્ટ ચેઈન્સ, જે રસોડાની કામગીરી ચલાવવા માટે મોટાભાગે કોમર્શિયલ LPG સિલિન્ડર પર નિર્ભર છે, તેઓને ડર છે કે ઈંધણ પુરવઠા પરના પ્રતિબંધો તેમની કામગીરીમાં ખલેલ પહોંચાડી શકે છે અને ખર્ચમાં વધારો કરી શકે છે. દેશભરની અનેક ખાણીપીણીની દુકાનોને તેમની કામગીરીમાં કાપ મૂકવાની ફરજ પડી છે. તમિલનાડુ હોટલ એસોસિએશને જણાવ્યું હતું કે દક્ષિણના આ રાજ્યમાં નાની અને મધ્યમ કદની રેસ્ટોરન્ટ્સને ખરાબ અસર થઈ છે. ચેન્નાઈની ઘણી જાણીતી હોટલોએ તેમના ઘટતા જતા ગેસના સ્ટોકને બચાવવા માટે ડોસા અને ફ્રાઈડ રાઈસ જેવી વધુ ઈંધણ માંગતી વાનગીઓ પીરસવાનું બંધ કરવાની ફરજ પડી છે. દિલ્હીમાં એક રેસ્ટોરન્ટ માલિકે PTI સાથે વાત કરતા જણાવ્યું કે, સિલિન્ડરની અછત છે. 1,500 થી 2,000 રૂપિયા જેવી બમણી કિંમત ચૂકવવા છતાં પૂરતા સિલિન્ડર મળતા નથી. તેમણે ઉમેર્યું કે તેમની દુકાન માટે દરરોજ ઓછામાં ઓછા ત્રણ સિલિન્ડરની જરૂર પડે છે. પશ્ચિમ બંગાળમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે રાંધણ ગેસના સિલિન્ડરની અછતને કારણે રાજ્યની શાળાઓમાં મધ્યાહન ભોજન પર અસર થવા લાગી છે, જેના કારણે સત્તાવાળાઓએ બળતણ તરીકે લાકડાનો ઉપયોગ અથવા વિદ્યાર્થીઓને મર્યાદિત ભોજન પીરસવાનું શરૂ કર્યું છે. આસામ પોલીસે LPG અને અન્ય ઈંધણની અછત અંગે અફવા ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે. આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે મુખ્ય સચિવે સ્પષ્ટ કર્યું હતું કે સ્થાનિક રિફાઈનરીઓ રાજ્યની રાંધણ ગેસની જરૂરિયાતના માત્ર 30 ટકા જ પૂરી કરી શકે છે. સરકારે અફવાઓ, ખોટી માહિતી અને ગભરાટ ફેલાવતા અહેવાલો પર નજર રાખવા માટે એક મીડિયા મોનિટરિંગ કમિટીની રચના કરી છે.

ગેસ સિલિન્ડરોના કાળાબજાર થઈ રહ્યા હોવાના આક્ષેપો

ઈંધણની અછતના ડરથી ગભરાટમાં ખરીદી શરૂ થઈ છે અને ગેસ સિલિન્ડરોના કાળાબજારના આક્ષેપો પણ થઈ રહ્યા છે. દેશની રાજધાનીમાં પોલીસ અધિકારીઓને તેમના વિસ્તારની ગેસ એજન્સીઓની યાદી તૈયાર કરવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જવાનો તૈનાત કરવા સૂચના આપવામાં આવી છે. કોલકાતામાં, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કડક દેખરેખ રાખવા અને ચોરી અટકાવવા નિર્દેશ આપ્યાના એક દિવસ પછી પોલીસે LPG સિલિન્ડરોના કથિત કાળાબજાર સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. વધારે ભીડને કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓની બુકિંગ સિસ્ટમ પણ ખોરવાઈ ગઈ છે. રિફિલ વિનંતીઓમાં થયેલા ધરખમ વધારાને કારણે ડિસ્ટ્રીબ્યુટરો વારંવાર સર્વર ક્રેશ થવાની ફરિયાદ કરી રહ્યા છે.

બુકિંગ સિસ્ટમ ઠપ

ઓઈલ માર્કેટિંગ કંપનીઓની બુકિંગ સિસ્ટમ પણ આ ધસારાને કારણે ખોરવાઈ ગઈ છે. પશ્ચિમ બંગાળમાં દૈનિક ગેસ બુકિંગની સંખ્યા ૧ લાખથી વધીને ૨ લાખ થઈ ગઈ છે, જેના કારણે સર્વર વારંવાર ક્રેશ થઈ રહ્યા છે.

કેરોસીન, કોલસાનું...

કેરોસીનનો ક્વોટા વધાર્યોઃ એક દાયકા બાદ પ્રથમ વખત સરકારે રાજ્યોને વધારાના ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીનનો જથ્થો ફાળવ્યો છે. જે શહેરો (જેમ કે દિલ્હી) કેરોસીન-મુક્ત જાહેર થયા હતા, ત્યાં પણ જરૂરિયાત મુજબ તેનો વપરાશ ફરી શરૂ થઈ શકે છે.

હોટલો માટે છૂટછાટઃ પર્યાવરણ મંત્રાલયે હોસ્પિટાલિટી સેક્ટરને એક મહિના માટે બાયોમાસ, કોલસો અને RDF પેલેટ્સનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે, જેથી LPG પરનું દબાણ ઘટે.

LPG બુકિંગના નિયમોમાં ફેરફાર

ગભરાટમાં થઈ રહેલા બુકિંગ (Panic Booking)ને રોકવા અને દરેકને સમાન રીતે ગેસ મળી રહે તે માટે સરકારે રિફિલિંગના સમયગાળામાં ફેરફાર કર્યો છે:

ગ્રામીણ વિસ્તારોઃ હવે ૪૫ દિવસમાં માત્ર એક જ સિલિન્ડર રિફિલ કરાવી શકાશે (પહેલા આ મર્યાદા ૨૫ દિવસની હતી).

શહેરી વિસ્તારોઃ ૨૫ દિવસમાં એક સિલિન્ડરની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

પુરવઠાની સુરક્ષા અંગે...

સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા દેશના 33 કરોડ પરિવારોના રસોડાને સુરક્ષિત રાખવાની છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પેટ્રોલ, ડીઝલ, કેરોસીન કે વિમાન ઈંધણ (ATF)નો પુરવઠો સંપૂર્ણપણે સુરક્ષિત છે.

યુદ્ધમાં રોકાણકારોના...

છે, જ્યારે સેન્સેક્સમાં પણ ૬ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. આ આર્થિક કટોકટી પાછળનું મુખ્ય કારણ ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર થયેલા સૈન્ય હુમલા અને ત્યારબાદ શરૂ થયેલા વળતા પ્રહારો છે.

યુદ્ધના પહેલા 6...

તેના રિપ્લેસમેન્ટ (ફરીથી ખરીદવા કે બનાવવા)નો ખર્ચ જ $10 બિલિયનથી વધુ થઈ ગયો છે. પેન્ટાગોનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ મિશન પૂર્ણ નહીં થાય ત્યાં સુધી ચોક્કસ આંકડો આપવો મુશ્કેલ છે.

અમેરિકાની ભારત...

બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ તપાસ એ નક્કી કરશે કે તે કાર્યો, નીતિઓ અને પ્રથાઓ ગેરવાજબી કે ભેદભાવપૂર્ણ છે અને શું તે અમેરિકી વાણિજ્ય પર બોજ નાખે છે કે તેને પ્રતિબંધિત કરે છે કે કેમ? ગ્રીરે નિવેદનમાં કહ્યું, અમેરિકા હવે એવા અન્ય દેશો માટે તેના ઔદ્યોગિક આધારનું બલિદાન આપશે નહીં જેઓ તેમની વધારાની ક્ષમતા અને ઉત્પાદનની સમસ્યાઓ આપણને નિકાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આ તપાસ નિર્ણાયક સપ્લાય ચેઇન્સને ફરીથી સ્થાપિત કરવા અને અમેરિકન ઉત્પાદન ક્ષેત્રોમાં અમેરિકન કામદારો માટે સારી આવક ધરાવતી નોકરીઓ ઊભી કરવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. તપાસ શરૂ થયા પછી, યુનાઇટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવએ તે અર્થતંત્રો સાથે પરામર્શ કરવો આવશ્યક છે જેમના કાર્યો, નીતિઓ અથવા પ્રથાઓ તપાસ હેઠળ છે. USTR એ ચીન, યુરોપિયન યુનિયન, સિંગાપોર, સ્વિટ્ઝર્લેન્ડ, નોર્વે, ઇન્ડોનેશિયા, મલેશિયા, કંબોડિયા, થાઇલેન્ડ, કોરિયા, વિયેતનામ, તાઇવાન, બાંગ્લાદેશ, મેક્સિકો, જાપાન અને ભારતની સરકારો સાથે પરામર્શની વિનંતી કરી છે.

દિલ્હી ડાયરી...

સામે મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ દ્વારા સખત ટીકા અને અનિચ્છા બાદ આખરે સરકાર નરમ પડી અને શોક પુસ્તિકામાં સહી કરવા માટે તેના પ્રતિનિધિને દિલ્હીમાં ઈરાન કલ્ચર સેન્ટર મોકલ્યા. રાજકીય, રાજદ્વારી અને સામાજિક વર્તુળોમાં જે બાબતે આશ્ચર્ય ફેલાવ્યું તે એ હતું કે સરકારે ઈરાનના સર્વોચ્ચ નેતાના નિધન પર શોક વ્યક્ત કરવાની પ્રક્રિયાનું સ્તર નીચું રાખવાનું નક્કી કર્યું. વડા પ્રધાન કે વિદેશ મંત્રીના બદલે આ કામ વિદેશ સચિવ પર છોડવામાં આવ્યું હતું.

અનુસંધાન... પાના છેલ્લાનું

ગેસ સંકટને...

‘સુરતના ટેક્સટાઈલ ક્લસ્ટરમાં 9 લાખથી વધુ કારીગરો કામ કરે છે. હોળીની રજા ને લીધે 50% કારીગરો જ કામ કરી રહ્યા છે. જો તેઓને રાંધણ ગેસનો સપ્લાય નહીં મળે તો મિલો અને પાવરલૂમ કારીગરો ભાગી જશે.એક અઠવાડિયું આવી સ્થિતિ રહી તો કોવિડના સમયગાળા મુજબ કારીગરોને લાવવા ટ્રેન દોડાવવાનો વારો આવશે.

જિલ્લા વહીવટી તંત્રએ તત્કાલિક રાંધણ ગેસના કાળાબજાર અટકાવી કાર્યવાહી કરવી જોઈએ.સચિન, પાલીગામ,બરફ ફેક્ટરી,ઈશ્વર નગર,રામેશ્વર કોલોની,ઉન પટ્ટી,સચિન જીઆઈડીસી,અને કનકપુર - કનસાડમાં ગેસ રિફિલ કરવામાં આવે છે.જ્યાં કારીગરો 3 થી 5 કિલોના રાંધણ ગેસના બોટલ રિફિલ કરાવે છે.

શહેરમાં 19 કિલોના LPG સિલિન્ડરના કાળાબજાર થઈ રહ્યા છે.ગેસ સિલિન્ડરનો ભાવ 2000 થી 3500 રૂપિયા થઈ ગયો છે.

સામાન્ય રીતે ઘરેલું LPG સિલિન્ડર 900 રૂપિયાની આસપાસ હોય છે, પરંતુ અછત વચ્ચે કાળાબજારમાં 2000 થી 3000 સુધી વેચાણ થઈ રહ્યાની ફરિયાદો મળી રહી છે.કેટલીક જગ્યાએ કોમર્શિયલ ગેસ 6000 થી 8000 સુધી વેચાયાની વાતો પણ ચાલી રહી છે. નો હોટલ-રેસ્ટોરન્ટ અને નાના વેપારીઓ પર સૌથી વધુ અસર પડી રહી છે.તેઓ કોલસા, લાકડું અને પરંપરાગત ચૂલા તરફ વળ્યા છે.ઘણા હોટલ અને સ્ટ્રીટ-ફૂડ વેન્ડરો કોલસા અથવા લાકડાના તાપણાથી રસોઈ કરવા લાગ્યા છે.ખાસ કરીને નાના ઢાબા, ચાટ-લારી અને નાસ્તા વેપારીઓ આ વિકલ્પ અપનાવી રહ્યા છે.પરિણામે કોલસા અને તંદુર માટેના ઈંધણની માંગ પણ વધી રહી છે. સુરતની કેટલીક રેસ્ટોરન્ટ એ મેનૂ 40-50% ઓછું કર્યું ઊંચી ગેસ વાપરતી ડીશ બંધ કરી છે.

કેટલીક જગ્યાએ ગેસનો સ્ટોક 5-10 દિવસ જ બાકી હોવાનું જણાવાયું છે. વેપારીઓનું કહેવું છે કે જો મધ્ય પૂર્વની પરિસ્થિતિ લાંબા સમય સુધી યથાવત રહે તો ઈન્ડક્શન, માઈક્રોવેવ અને કોલસા જેવા વિકલ્પિક સાધનોની માંગ હજુ વધુ વધી શકે છે. હાલ લોકો માત્ર સાવચેતીરૂપે આ વસ્તુઓ ખરીદી રહ્યા છે, પરંતુ ગેસ સપ્લાયમાં ખરેખર ખલેલ પડે તો બજારમાં વધુ અછત સર્જાઈ શકે છે.

પરપ્રાંતિય કામદારોના...

રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હજીરા વિસ્તારના આગેવાનો દ્વારા જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે કમર્શિયલ ગેસ સિલિન્ડરનો પુરવઠો સતત ચાલુ રહે તે માટે સરકાર સ્તરે તાત્કાલિક પગલાં લેવાં જરૂરી છે, નહીં તો હજારો કામદારો માટે ભોજન સંકટ ઉભું થઈ શકે છે. આ રજૂઆતને પગલે જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા સમગ્ર મુદ્દાની માહિતી રાજ્ય સરકારને મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સરકાર તરફથી માર્ગદર્શન મળ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સુરતમાં ઇન્ડક્શન...

છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ એસો ગુજરાતના પ્રમુખ પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે,લોકો ભયને લીધે LPG અને PNG ગેસનો વિકલ્પ ઇલેક્ટ્રિક ચૂલામાં સોધી રહ્યાં છે. સુરતના ઇલેક્ટ્રોનિક્સ બજારમાં છેલ્લા થોડા દિવસોમાં ઇન્ડક્શન ચૂલાની માંગ સામાન્ય સમય કરતાં અનેકગણી વધી ગઈ છે. ઘણી દુકાનોમાં દિવસના 40-50 યુનિટ સુધી વેચાણ થઈ રહ્યું છે અને કેટલાક બ્રાન્ડનો સ્ટોક ઝડપથી ખાલી થવા લાગ્યો છે. વેપારીઓ કહે છે કે લોકો ગેસ મળવામાં મુશ્કેલી પડે તેવી ભીતિથી “બેકઅપ સિસ્ટમ” તરીકે ઇન્ડક્શન ચૂલા ખરીદી રહ્યા છે. સુરતના રાજમાર્ગ,ઉધના ઇન્ડસ્ટ્રીયલ એરિયા,રાંદેર રોડ, અઠવાગેટ અને વરાછા વિસ્તારમાં આવેલી ઇલેક્ટ્રોનિક્સ દુકાનોમાં માઇક્રોવેવ ઓવન અને ઇન્ડક્શન વાસણોની માંગ પણ વધી છે. સામાન્ય રીતે 1500 થી 3000 વચ્ચે મળતા ઇન્ડક્શન ચૂલા કેટલાક સ્થળે ઊંચી માંગને કારણે 3000 થી 4500 સુધીના ભાવે વેચાઈ રહ્યા છે.

શ્રમિકોનાં મોત...

મુજબ હાલ નોંધાયેલી FIRમાં ફક્ત કોન્ટ્રાક્ટર સામે જ કાર્યવાહી કરવામાં આવી છે. પરંતુ આવી ગંભીર ઘટનામાં માત્ર કોન્ટ્રાક્ટરને જવાબદાર ગણવું યોગ્ય નથી. ફેક્ટરીના માલિકો, ઓક્યુપાયર, ડિરેક્ટર્સ અને મેનેજમેન્ટ પર કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવાની સીધી અને કાનૂની જવાબદારી આવે છે. ખાસ કરીને કેમિકલ પ્રક્રિયાઓ સાથે સંકળાયેલી ફેક્ટરીઓમાં સલામતીના નિયમોનું પાલન કરવું અત્યંત આવશ્યક છે.

તેમણે જણાવ્યું છે કે Factories Act, 1948 ની કલમ 7A મુજબ ફેક્ટરીના માલિક પર કર્મચારીઓની આરોગ્ય અને સુરક્ષા સુનિશ્ચિત કરવાની કાનૂની ફરજ છે. તેમજ કલમ 41B અને 41C હેઠળ જોખમી પ્રક્રિયાઓ માટે જરૂરી સલામતી વ્યવસ્થાઓ જાળવવાની સ્પષ્ટ જવાબદારી છે. આ ફરજોનું પાલન કરવામાં નિષ્ફળતા રહેતાં શ્રમિકોના જીવનને જોખમમાં મુકાયું અને ત્રણ લોકોના મોતની ઘટના બની છે.

આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા, 2023 મુજબ પણ આ ઘટનામાં ગંભીર ગુનાઓ બને છે. બેદરકારીના કારણે થયેલા મૃત્યુ માટે કલમ 106, જોખમી પદાર્થો સંબંધિત બેદરકારી માટે કલમ 287 અને માનવજીવનને જોખમમાં મૂકવા બદલ કલમ 125 લાગુ પડે છે. ફેક્ટરીમાં સલામતી વ્યવસ્થાઓના અભાવને કારણે Factories Act ની કલમ 92 હેઠળ પણ ફોજદારી જવાબદારી ઊભી થાય છે. નાયકએ જણાવ્યું કે આ ઘટના માત્ર એક દુર્ઘટના નથી પરંતુ શ્રમિકોના જીવન પ્રત્યે થયેલી ગંભીર બેદરકારીનું પરિણામ છે. મૃતક શ્રમિકોના પરિવારને ન્યાય મળે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે જવાબદાર તમામ સામે કડક કાયદાકીય કાર્યવાહી જરૂરી છે.

ડિંડોલીના માથાભારે...

તેને થપ્પડો મારી દેતા તેની અદાવત રાખીને અન્ય ત્રણ મિત્રો સાથે મળી સનીએ ત્રણ મિત્રોની મદદથી તેને અવાવરું જગ્યાએ લઈ ગયા હતાં. ત્યાં તેઓ તેના પર પાઈપ અને બેલ્ટ લઈને તૂટી પડ્યાં હતાં. તે લોહીલુહાણ હાલતમાં ફસડાઈ જતાં આરોપીઓ તેને તેના મકાનમાં ફેંકીને ફરાર થઈ ગયા હતા. તેને થયેલી ઈજાઓ જીવલેણ સાબિત થતા તેનું મોત નીપજ્યું હતું.

મૃતક સામે લૂંટ અને મારામારીના ૫ થી વધુ ગુના નોંધાયેલા છે. ડિંડોલી પોલીસે તેને છેલ્લા ત્રણ વર્ષમાં બે વખત પાસા હેઠળ જેલમાં ધકેલ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં શની વિજય ચૌહાણ, અતુલ સિંહ બિહારી અને સોનુ ઉર્ફે સોનુ વર્માના નામ ખુલ્યા છે. ડિંડોલી પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર ત્રણેય આરોપીઓને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

નાનપુરામાંથી અપહૃત...

બાતમી મળી હતી કે અપહરણકર્તા દંપતી બારડોલી તરફ ગયું છે.

બારડોલી રેલવે એ.એસ.આઈ. હરસિંગભાઈ અર્જુનભાઈ અને તેમની ટીમની સતર્કતાને કારણે બારડોલી સુગર ફેક્ટરી સામે ફૂટપાથ પરથી અપહરણ કરનાર મીના સુનીલ વસાવા (ઉં.વ.35) અને સુનીલ રતિલાલ વસાવા (ઉં.વ.32) (રહે.,હાલ બારડોલી, મૂળ ઝાલ્ખા, વચલું ફળિયું, નંદુરબાર)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે અપહૃત બાળકીને સુરક્ષિત રીતે તેનાં માતા-પિતાને સોંપી માનવતા મહેકાવી હતી. હાલ પોલીસે બંને આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વેસુમાં ઘરઘાટી...

૧૦,૦૦૦ રૂપિયા કાઢી લીધા હતા. આ સમયે જ ઘરના સભ્યોએ તેને નજરોનજર ચોરી કરતાં ઝડપી પાડી હતી. ઝડપાયા બાદ કડકાઈથી પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, આરોપી યુવતીએ માત્ર તે દિવસે જ નહીં પરંતુ છેલ્લા બે માસ દરમિયાન ટુકડે-ટુકડે કુલ ૧.૫૦ લાખ રૂપિયા ચોરી લીધા હતા. ઘરના માલિકે આ બાબતે વિશ્વાસઘાત અને ચોરીની ફરિયાદ નોંધાવતા વેસુ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. દક્ષાબેન મુકુંદરાય વૈદ્ય
જન્મ.તા: ૦૭-૦૫-૧૯૪૫ | સ્વ.તા : ૧૪-૦૩-૨૦૨૫

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઇ જાય. હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઇ ગણો તાણી.હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી, તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી. સદ્‌ગુરુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

શ્રી મુકુંદરાય વૈદ્ય

ડૉ. પરેશ વૈદ્ય - સુકૃતિ વૈદ્ય | ડૉ. અનિતા દેસાઈ - ડૉ. પંકજ દેસાઈ
ડૉ. મૃગાંક વૈદ્ય- કોમલ વૈદ્ય | (દીકરી-જમાઈ)
અક્ષત વૈદ્ય | ધૃતિ આદિત્ય શારડા, આર્યા

"સમસ્ત વૈદ્ય પરિવાર"